૨

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળનું જાહેરનામુ.

નં.એમએજી/ચુંટણી વાહન પરવાનગી/વશી.૧૫૭૨/૧૪
જિલ્લા મેજીસ્ટ્રેટ સુરતની કચેરી, બી–બ્લોક,
જિલ્લા સેવા સદન–૨, અઠવાલાઈન્સ, સુરત
તા.૦૫/૦૩/૨૦૧૪

આગામી લોક સભા સામાન્ય ચુંટણી–૨૦૧૪ તથા ૧૫૭–માંડવી વિધાન સભા મત વિભાગની પેટા ચુંટણી સંદર્ભે મતદાન તા.૩૦/૦૪/૨૦૧૪ ના રોજ રાખવામાં આવેલ છે. સદરહુ ચૂંટણીને અનુલક્ષીને તમામ રાજકીય પક્ષોના ઉમેદવારો તેમના કાર્યકરો સાથે વાહન ઉપર લાઉડ સ્પીકર લગાડી પ્રચાર કરતા હોય છે. ભારતીય ચુંટણી પંચના પત્ર ક્રમાંકઃ૪૩૭/૬/પીએલએન–૩, તા.૧૬/૦૩/૨૦૦૭ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંકઃઈએલસી/૧૦૦૭–૧૭૫(૨)–છ, તા.૧૬/૦૪/૨૦૦૭ ની સુચના અનુસાર પ્રચારમાં વાહનોનો ઉપયોગ કરવા માટે તે વાહનની નોંધણી કરાવી પરવાનગી લેવાની થાય છે. વાહનની નોંધણી તેમજ તેના ઉપયોગ માટેની પરવાનગીની કાર્યવાહી જે તે સંબંધિત ચૂંટણી અધિકારી તરફથી કરવામાં આવે છે. જે પરમીટ વાહન ઉપર સ્પષ્ટ દેખાય તેવી રીતે વીન્ડ સ્ક્રીન પર લગાવવાની રહેશે તેમજ પ્રચાર માટે માઈકનો ઉપયોગ કરવા માટેની પરવાનગી સંબંધિત સક્ષમ અધિકારીની મેળવવાની રહેશે. ઘણાં રાજકીય પક્ષના ઉમેદવારોના કાર્યકરો આવી પરવાનગી લીધા સિવાય પ્રચાર કરી ચૂંટણી આચાર સંહીતાનો ભંગ કરતા હોય છે. જેથી ચૂંટણી પ્રક્રીયા ઉપર માઠી અસર પડવાનો સંભવ રહે છે.

વાસ્તે હું પ્રકાશ એન. મકવાણા (જી.એ.એસ), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત જિલ્લાના સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તાર સિવાયના સુરત (ગ્રામ્ય) વિસ્તારમાં,

૧. કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવાર કે કાર્યકરો પોતાના પક્ષના ચૂંટણી પ્રચાર માટે વાહનનો ઉપયોગ જે તે મતવિસ્તારના ચૂંટણી અધિકારી પાસે વાહનની નોંધણી કર્યા સિવાય અને પરવાનગી લીધા સિવાય વાહનનો ઉપયોગ કરી ચૂંટણી પ્રચાર કરી શકશે નહી.
૨. ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાયેલ વાહન ઉપર વીન્ડ સ્ક્રીન ઉપર પરમીટ લગાડયા સિવાય ચૂંટણી પ્રચાર કરી શકશે નહી.
૩. વગર પરવાનગીએ વાહનમાં લાઉડસ્પીકરથી ચૂંટણી પ્રચાર કરી શકશે નહી.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષા થઈ શકશે.
આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૮/૦૫/૨૦૧૪ સુધી અમલમાં રહેશે.
આજ તારીખઃ ૦૫/૦૩/૨૦૧૪ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

ADDITIONAL DISTRICT MAGISTRATE

**(પ્રકાશ એન. મકવાણા)**
**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ**
**સુરત**

**નકલ જયભારત સહ રવાના–**

૧. નોડલ અધિકારીશ્રીઓ તમામ
૨. ચુંટણી અધિકારીશ્રી/મદદનીશ ચુંટણી અધિકારીશ્રી/[illegible]/ઝોનલ ઓફીસરશ્રી સુરત જીલ્લા તમામ તરફ.
૩. પોલીસ અધિક્ષકશ્રી,સુરત (ગ્રામ્ય) તરફ જાણવા તથા અમલ થવા સારૂ.(૨૦–નકલ)
૪. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત તરફ.
૫. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સીટી પ્રાંત/ઓલપાડ પ્રાંત/બારડોલી પ્રાંત/માંડવી પ્રાંત/કામરેજ પ્રાંત, જિ.સુરત.
૬. વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ/પોલીસ ઈન્સપેકટરશ્રીઓ/પોલીસ સબ ઈન્સપેકટરશ્રીઓ તમામ તરફ.
૭. મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તમામ તરફ જાણવા–વ–અમલ થવા સારૂ.
૮. તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તમામ/મુખ્ય અધિકારીશ્રી, નગર પાલિકા, તમામ તરફ
૯. ચીફ ઓફીસરશ્રી બારડોલી/માંડવી/કનકપુર–કનસાડ/તરસાડી નગર પાલીકા તરફ.
૧૦. પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જડજશ્રી, સુરત તરફ.
૧૧. પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર, સુરત તરફ.
૧૨. માહીતી નિયામકશ્રી, માહીતી ખાતું, સુરત તરફ.
૨/– હુકમની ૧૦– નકલો સાથે દૈનિક વર્તમાનપત્રોમાં સમાચાર રૂપે બહોળી પ્રસિધ્ધી આપવા સારૂ.
૧૩. મેનેજરશ્રી, સરકારી મુદ્રણાલય, વડોદરા તરફ જાહેરનામું ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ.
૧૪. કચેરી મજકૂરની ચુંટણી શાખા/વહીવટ શાખા અને ગ્રામ પંચાયત ઈલેકશન શાખા, કલેકટર કચેરી, સુરત તરફ

**નકલ સવિનય રવાના–**

૧. અધિક સચિવશ્રી,ગૃહ વિભાગ,ગુજરાત રાજય,સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ તથા મંજુરી આપવા સારૂ
૨. મુખ્ય ચુંટણી અધિકારીશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર તરફ.